## રિઝર્વ બેંકની ચાંપતી નજર

# રિઝર્વ બેંકે નોન-બેંક પેમેન્ટ ઓપરેટર્સ કે ઓનલાઈન પેમેન્ટ કંપનીઓ પર મોટી જવાબદારી આપી

નવી દિલ્હી, તા.૨૩

દેશની સેન્ટ્રલ બેંક એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નોન-બેંક પેમેન્ટ ઓપરેટર્સ કે ઓનલાઈન પેમેન્ટ કંપનીઓ પર મોટી જવાબદારી આપી છે. રિઝર્વ બેંકે આ ઓનલાઈન કંપનીઓ પાસે હાલની ચૂંટણી વખતે હાઈ વેલ્યૂ વાળા મર્ચન્ટ પેમેન્ટની દેખરેખ કરવા અને રિપોર્ટ કરવા માટે કહ્યું છે. એવું એટલા માટે કારણ કે પૈસા વોટ ખરીદવાની કોઈ પણ કવાયત પર રોક લગાવી શકે.

રિઝર્વ બેંકની તરફથી ૧૫ એપ્રિલ ૨૦૨૪એ લખેલા એક પત્રમાં Payment System Operators પાસે મતદાતાઓને પ્રભાવિત કરવા કે પરોક્ષ રીતે ચૂંટણી ઉમેદવારોને ધન આપવા માટે ઈ-ફંડ ટ્રાન્સફર સિસ્ટમના સંભવિત દુરૂપયોગને રોકવા માટે કહ્યું છે.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે વોટરને પ્રભાવિત કરવા માટે પેમેન્ટની વિવિધ રીતનો ઉપયોગ કરવામાં આવી શકે છે. બની શકે છે કે કોઈ ઉમેદવાર કે રાજનૈતિક પક્ષ ઓનલાઈન રીતે વોટર્સને પૈસા ટ્રાન્સફ કરે જેથી તે મતદાતા કોઈ ખાસ ઉમેદવારના પક્ષમાં વોટ આપે.

**મતદાતાઓને પ્રભાવિત કરવા કે પરોક્ષ રીતે ચૂંટણી ઉમેદવારોને ધન આપવા માટે ઈ-ફંડ ટ્રાન્સફર સિસ્ટમના સંભવિત દુરૂપયોગને રોકવા માટે કહ્યું**

વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે પેમેન્ટ કંપનીઓ ખાસ રીતે હાઈ વેલ્યૂ પેમેન્ટ કે સસપિશિયસ પેમેન્ટને ટ્રેક કરે. સાથે જ રિકરિંગ પર્સન ટૂ પર્સન પેમેન્ટને પણ ચેક કરવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે પીએસઓમાં વીસા, માસ્ટરકાર્ડ અને રૂપે જેવા નેટવર્ક આવે છે. તેની સાથે જ Razorpay, Cashfree, CCAvenue and Mswipe જેવી ફિનટેક કંપનીઓ બધા રેગ્યુલેટડ પેમેન્ટ એગ્રીગેટર છે. બજારમાં સેવા આપી રહેલી કંપની જેમ કે પેટીએમ, ફોનપે, ભારતપે અને મોબિક્વિક જેવી અન્ય કંપનીઓ મોબાઈલ વોલેટ લાયસન્સ ધારક છે. સેન્ટ્રલ બેંકે પોતાના આદેશમાં ભારતીય ચૂંટણી આયોગ દ્વારા વધારવામાં આવેલી ચિંતાઓનો હવાલો આપ્યો છે. તેમણે પેમેન્ટ કંપનીઓને શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનને ટ્રેક કરવા અને સંબંધિત અધિકારીઓને રિપોર્ટ કરવા માટે પણ કહ્યું છે. ઉલ્લેખનીય છે કે ઐતિહાસિક રીતે ચૂંટણી વખતે કેશનું ચલન વધી ગયું છે. આરબીઆઈએ સામાન્ય રીતે બેંકને કેશના ટ્રાન્ઝેક્શન પર નજર રાખવાનો આદેશ આપ્યો છે.

## ડીજીસીએની નવી ગાઈડલાઈન

# હવે ૧૨ વર્ષ સુધીના બાળકની હવાઈ મુસાફરીને લઈને બદલાયો નિયમ

નવી દિલ્હી, તા.૨૩

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ તમામ એરલાઈન્સ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. એવિએશન રેગ્યુલેટરે કહ્યું છે કે હવેથી ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને હવાઈ મુસાફરી દરમિયાન તેમના માતા-પિતાની બાજુમાં સીટ આપવી પડશે. DGCA એ મંગળવારે આ સંબંધમાં એક પરિપત્ર જાહેર કરીને તમામ એરલાઈન્સને આ નિયમને ફરજિયાતપણે લાગુ કરવા સ્પષ્ટપણે જણાવ્યું છે.

DGCA દ્વારા હવાઈ મુસાફરી દરમિયાન બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના પરિપત્રમાં નિયમનકારે જણાવ્યું હતું કે હવેથી તમામ એરલાઈન્સે એ સુનિશ્ચિત કરવું પડશે કે ૧૨ વર્ષ સુધીના બાળકોને તેમના માતાપિતા/વાલીઓમાંથી ઓછામાં ઓછા એકની સાથે બેઠકો ફાળવવામાં આવે, જેઓ એક જ પરિવારમાં હોય. આ સાથે તેનો સંપૂર્ણ રેકોર્ડ પણ રાખવામાં આવશે.

**હવેથી ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને હવાઈ મુસાફરી દરમિયાન તેમના માતા-પિતાની બાજુમાં સીટ આપવી પડશે**

ઉડ્ડયન નિયમનકારે આ પગલું એક ફરિયાદ બાદ ઉઠાવ્યું છે જેમાં કહેવામાં આવ્યું હતું કે બાળકને તેના માતા-પિતા સાથે બેસવા દેવામાં આવતું નથી. હવે ડીજીસીએ દ્વારા જાહેર કરાયેલા ૨૦૨૪ના એર ટ્રાન્સપોર્ટ સર્ક્યુલર (ATC)-01 મુજબ, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકને તેના માતા-પિતાની બાજુમાં સીટ મળશે અને ખાસ વાત એ છે કે પેસેન્જર પાસેથી આ માટે કોઈપણ વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે નહીં.

ડીજીસીએના મતે એરલાઈન્સ બાળકની સીટ માટે માતા-પિતા પર દબાણ ન લાવી શકે.



# પુત્રના લગ્ન પહેલા નીતા અંબાણી પહોંચ્યા શિરડી 'સાંઈ દરબાર'

મુંબઈ :

દેશના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પત્ની અને રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણી શિરડી સાંઈના દરબારમાં પહોંચ્યા હતા. નીતા અંબાણીએ રાધિકા મર્ચન્ટ સાથે તેમના નાના પુત્ર અનંત અંબાણીના લગ્ન પહેલા સાંઈ દરબારમાં પૂજા અર્ચના કરી હતી. જ્યારે IPLમાં મુંબઈ ઈન્ડિયન્સની સફળતા માટે પ્રાર્થના પણ કરી હતી.

નીતા અંબાણીએ શિરડી સાંઈની મુલાકાત લીધી તેના થોડાં દિવસો પહેલા અનંત અંબાણીએ મધ્યપ્રદેશના દતિયા સ્થિત પિતાંબરા મા પીઠની પણ મુલાકાત લીધી હતી. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન આ વર્ષે જુલાઈમાં થવાના છે.

નીતા અંબાણીએ શિરડી સાંઈ મંદિરમાં ૨૧ દીવા પ્રગટાવીને પ્રાર્થના કરી હતી. રાત્રે દર્શન કર્યા બાદ તે આવતીકાલે સવારે ફરી મંદિરે જશે. કહેવામાં આવી રહ્યું છે કે નીતા અંબાણીએ પોતાની IPL ટીમ મુંબઈ ઈન્ડિયન્સની સફળતા માટે મંદિરમાં પ્રાર્થના પણ કરી છે.

વર્તમાન IPL ટૂર્નામેન્ટમાં મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન જરા પણ સારું રહ્યું નથી. તે ટીમ ટેલીમાં ૮મા નંબર પર છે. મુંબઈ ઈન્ડિયન્સને હાલમાં ૮માંથી ૫ મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે.

# સોનામાં વધુ રૂા.૧૩૫૦ નો કડાકો: બે દિવસમાં ૨૧૦૦ તૂટ્યા:ચાંદીમાં ૪૦૦૦ ઘટ્યા

રાજકોટ તા.૨૩

સોના-ચાંદીમાં રેકોર્ડબ્રેક તેજી બાદ ગાડી ઉંધી દોડવા લાગી હોય તેમ આજે સતત બીજા દિવસે ભાવમાં ગાબડા પડવા લાગ્યા હતા.બે જ દિવસમાં સોનુ ૨૦૦૦ તથા ચાંદીમાં ૪૦૦૦ થી વધુનો કડાકો સર્જાયો છે.

રાજકોટમાં આજે ૧૦ ગ્રામ સોનું હાજરમાં ૭૩૯૫૦ હતુ. ગઈકાલની સરખામણીએ ૧૩૫૦ રૂપિયાનું ગાબડુ હતું બે દિવસમાં ૨૦૦૦ કરતા વધુનો કડાકો છે. ગત સપ્તાહમાં ૭૬૧૦૦ નો ભાવ થયો હતો. વિશ્વબજારમાં પણ સોનું તૂટયુ હતુ અને ભાવ ૨૬૮૬ ડોલર હતો. કોમોડીટી એક્સચેંજમાં ૭૦૫૦૦ નો ભાવ હતો.ચાંદીનાં ભાવમાં પણ સમાન સ્થિતિ હતી. એક કિલો ચાંદીનો ભાવ ૮૨૨૦૦ સાંપડયો હતો. તેમાં વધુ રૂા.૨૧૦૦ નુ ગાબડુ હતું. ગઈકાલે પણ ૨૦૦૦ કરતા અધિકનો કડાકો હતો.બે જ દિવસમાં ૪૦૦૦ કરતા વધુ નીકળી ગયા છે. વિશ્વ બજારમાં ૨૩.૦૮ ડોલર તથા કોમોડીટી એક્સચેંજમાં ૭૯૬૦૦ નો ભાવ હતો. ઝવેરીઓનાં કહેવા પ્રમાણે પ્રચંડ તેજી-મંદી પાછળ આંતર રાષ્ટ્રીય માર્કેટની ઉથલપાથલ જવાબદાર છે. ઈરાન-ઈઝરાયેલ વચ્ચેનો તનાવ શાંત થઈ જતા અને હવે એકબીજા નવા હુમલા કરવાનાં મૂડમાં ન હોવાના સંજોગોથી ભાવમાં મંદી થઈ હતી. જોકે આવતા દિવસોમાં ફરી કોઈ નવુ ટેન્શન સર્જાવાનાં સંજોગોમાં ઉછાળો આવવાની બાકી ભાવો ટુંકા ગાળામાં અસાધારણ ગતિએ ઉંચકાયા હતા. એટલે મોટુ કરેકશન અપેક્ષીત હતું. હવે માર્કેટ સ્થિર થાય છે કે કેમ તેના પર મીટ છે. માર્કેટમાં ઘરાકી હજુ સાવ ઠંડી જ છે.ભાવો સ્થિર થાય પછી જ સળવળાટ શકય છે.

## અંબાણી પરિવારના જામનગરમાં પ્રિ-વેડીંગ સેરેમનીની દુનિયામાં ચર્ચા થઇ હતી હવે...

# અનંત-રાધિકાના શાહી લગ્ન જુલાઇમાં લંડનના મહેલમાં યોજાશે

મુંબઇ, તા. ૨૩

દેશના સૌથી ધનિક બિઝનેસમેન મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની જામનગરમાં ધામધૂમથી પ્રી-વેડિંગ સેરેમની યોજાઈ હતી. જેની દુનિયાભરમાં ચર્ચા થઈ હતી. હવે ફરી એકવાર અનંત-રાધિકા ચર્ચામાં આવ્યા છે. જુલાઈ મહિનામાં લંડનમાં બંનેના લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જામનગરના પ્રી-વેડિંગમાં જ્યાં રિહાનાથી લઈને એકોન સુધીના ગ્લોબલ સુપરસ્ટાર્સ, બોલિવૂડના ત્રણેય ખાન અને બી-ટાઉન સેલેબ્સનો જમાવડો જામ્યો હતો, તેમ હવે લંડનમાં ફરીથી લગ્નમાં VVIP મહેમાનોનો જમાવડો જામશે.

જુલાઈ મહિનામાં લંડનમાં આવેલા સ્ટોક પાર્ક એસ્ટેટમાં અનંત-રાધિકાના લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માટેની તૈયારીઓ પણ ચાલુ થઈ ગઈ છે અને નીતા અંબાણી તમામ તૈયારીઓની જાતે દેખરેખ રાખી રહ્યા છે. અગાઉ પ્રી-વેડિંગ સેરેમનીમાં પણ અનંતે ૩ દિવસની ઈવેન્ટ પરિવાર અને મિત્રો માટે યાદગાર બનાવવા માટે માતા (નીતા અંબાણી) એ કરેલી તૈયારી બદલ તેમનો આભાર માન્યો હતો.

વિગતો મુજબ, લંડનમાં





યોજાનારા આ લગ્ન માટે બોલિવૂડના સેલેબ્રિટીઓને આમંત્રણો પણ મોકલાઈ ચૂક્યા છે. જેથી તેઓ આ મુજબ પોતાના શેડ્યૂલ ગોઠવીને સમારોહમાં સામેલ થઈ શકે. અગાઉ જામનગરમાં પ્રી-વેડિંગ સેરેમનીમાં આમંત્રિત મહેમાનોને આમંત્રણની સાથે ૯-પેજનો ડ્રેસ કોડનો ફોટો વાઈરલ થયો હતો. લંડનમાં યોજાનારા લગ્નમાં પણ આમ હોઈ શકે છે.

૨૦૨૧માં મુકેશ અંબાણીએ લંડનના સ્ટોક પાર્કમાં આવેલી ૯૦૦ વર્ષ જૂની હેરિટેજ પ્રોપર્ટી રૂ. ૫૯૨ કરોડમાં ખરીદી હતી. શહેરની બહાર સ્થિત આ સુંદર ભવ્ય બંગલો ૧૭૬૦માં એક સૈનિક અને વિદ્વાન જોન પેન દ્વારા બનાવવામાં આવ્યો હતો. લગભગ ૪૦૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલા આ મહેલમાં ૪૯ લક્ઝરી રૂમ, ૩ રેસ્ટોરન્ટ, ૧ જિમ, ૧ ગોલ્ફ કોર્સ, ૧૩ ટેનિસ કોર્ટ અને ૧ ઇન્ડોર સ્વિમિંગ પૂલ પણ છે. જોકે હજુ સુધી આ લગ્નમાં યોજાનારા ફંક્શન માટેની થીમ શું હશે તેની વિગતો સામે આવી નથી. વેડિંગ ગેસ્ટના લિસ્ટની વાત કરીએ તો તેમાં શાહરૂખ ખાન, સલમાન ખાન, બચ્ચન પરિવાર, રણવીર સિંહ, દીપિકા પાદુકોણ, વિરાટ કોહલી, અનુષ્કા શર્મા, કેટરીના કૈફ સહિત ઘણા મોટા સ્ટાર્સના નામ સામેલ છે.

**મુકેશ અંબાણીએ ૯૦૦ વર્ષ જુનો આ મહેલ ૨૦૨૧માં ૫૯૨ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો : લંડનમાં પણ વીવીઆઇપીઓનો જમાવડો જામશે : લગ્ન માટે બોલિવુડની સેલિબ્રિટીઓને આમંત્રણ મોકલાઇ ગયા**


**નીડો હોમ ફાઈનાન્સ લિ.** nido HOME FINANCE

(અગાઉની એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)(નીડો): રજિસ્ટર્ડ ઓફિસ આવેલી છે : ૫મે માળે, ટાવર ૩, વિંગ B, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર, કિરોલ રોડ, કુર્લા (પ.) મુંબઈ- ૪૦૦૦ ૭૦. શાખા ઓફિસ: ૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪, ૩જે માળે, થર્ડ આઈ વિઝન, શિવાલિક પ્લાઝા સામે, આઈઆઈએમ પાસે, પાંજરાપોળ, અમદાવાદ-૩૮૦૦૦૯.

**ઈ-હરાજી-સ્ટેચ્યુટરી ૧૫ દિવસીય વેચાણ નોટિસ**

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને ધ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અન્વયે ઈ-હરાજીથી વેચાણ
અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને દેણદાર તથા જામીનદારને વિશેષ રૂપે નોટિસ આપવાની કે નીચે વર્ણન કરેલ મિલકત 'જ્યાં છે, જેમ છે અને 'જે કાંઈ છે તે છે'ના આધારે નીચે આપેલ ટેબલમાં જણાવેલ બાકી લોનની વસૂલાત સુધીની રકમની વસૂલ કરવા માટે વેચાણ કરવામાં આવશે. સદર મિલકત દેણદાર(રો), સહ દેણદાર(રો) અને જામીનદાર(રો)એ લીધેલ લોન માટે મે. નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ(અગાઉ એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)ને ત્યાં ગિરવે રાખેલ છે. સિક્યોર્ડ લેણદારે નીચે જણાવેલ સિક્યોર્ડ અસ્ક્યામતનો ફિઝિકલ કબજો લીધો છે.

| ક્રમ | દેણદાર(રો)/સહદેણદાર(રો)/ જામીનદાર(રો)નું નામ | વસૂલ કરવાની રકમ | રિઝર્વ કિંમત અને ઈએમડી (રૂ.) | હરાજીના તારીખ અને સમય | નિરીક્ષણના તારીખ અને સમય | પ્રતીકાત્મક કબજાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેખાબેન હરેશકુમાર પંડ્યા(દેણદાર), અને અક્ષયકુમાર હરેશકુમાર પંડ્યા (સહ-દેણદાર) અને હરેશકુમાર ચંદુલાલ પંડ્યા (સહ-દેણદાર) | રૂ.૩૩,૬૫,૮૫૫.૨૭/-(અંકે રૂપિયા તેંત્રીસ લાખ પાંસઠ હજાર આઠસો પંચાવન અને સત્યાવીસ પૈસા પૂરા) ખાતા નં. LMEH0HL0000092515 માટે ૨૩-૦૪-૨૦૨૪ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ | રૂ.૨૮,૭૭,૮૪૯/- (અંકે રૂપિયા અઠ્ઠ્યાવીસ લાખ સિત્તોતેર હજાર આઠસો ઓગણપચાસ પૂરા) અર્નેસ્ટમની ડિપોઝીટ રૂ.૨,૮૭,૭૮૫/- (અંકે રૂપિયા બે લાખ સિત્યાસી હજાર સાતસો પંચ્યાસી પૂરા) | ૧૪-૦૫-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે) | ૩૦-૦૪-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે | ૧૧-૦૨-૨૦૨૪ |

સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો : મહેસાણા ખાતે રે.સ. નં.૮૮૦ ધારક ગૌરવ ટાઉનશીપ મકાન નં. ૩૭ સુપર -એ- તે પ્લોટ નં.૩૭ પર બાંધેલ મકાન, માપણી બિલ્ટ-અપ એરિયા ગ્રાઉન્ડ ફ્લોર પર ૭૬.૫૬ચો.મી., બિલ્ટ-અપ એરિયા પહેલા માળે ૭૬.૫૬ ચો.મી. માર્જિન જમીન ૫૨.૬૯ ચો.મી. કુલ ૧૨૯.૨૫ ચો.મી.તા. અને જિ. મહેસાણા, રજિસ્ટ્રેશન પેટા જિલ્લો મહેસાણા ખાતે આવેલ મિલકતના તમામ હક્કહિસ્સા સીમાઓ: ઉત્તરે: મકાન નં.૩૮ સાથે કોમન બાઉન્ડ્રી દક્ષિણે: માર્જિન જમીન પછી, મકાન નં.૫૦, પૂર્વે: ઈન્ટરનલ રોડ, પશ્ચિમ: માર્જિન જમીન પછી, મકાન નં.૩૬.

નોંધ:- ૧) હરાજી વેચાણ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net મારફતે ઓનલાઈન થશે અને જે બીડરો પાસે માન્ય ઈમેઈલ, આઈડી પ્રૂફ અને ફોટો પ્રૂફ, પાન કાર્ડ હશે અને ડિમાન્ડ ડ્રાફ્ટ/નેફ્ટ/આરટીજીએસ દ્વારા યોગ્ય રીતે ઈએમડીનું ચૂકવણું કર્યુ હશે તે જ આ "ઓનલાઈન ઈ-હરાજી"માં ભાગ લઈ શકશે.
૨) ઈચ્છુક બીડરોએ તેમના ઈએમડી ડિમાન્ડ ડ્રાફ્ટ/નેફ્ટ/આરટીજીએસ દ્વારા લાભાર્થીનું નામ: નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડને જમા કરાવવાના રહેશે. બેંક: સ્ટેટ બેંક ઓફ ઈંડિયા, ખાતા નં. ૬૫૨૨૬૮૪૫૧૯૯, સરફૈસી-હરાજી, એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ આઈએફએસસી કોડ: SBIN0001593.
૩) ઈએમડી સાથે ઓનલાઈન અરજી બીડ ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ ૧૩-૦૫-૨૦૨૪ છે.
૪) વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે ઈએઆરસીની વેબસાઈટ એટલે કે https://sarfaesi.auctiontiger.net જુઓ અથવા શ્રી મૌલિક શ્રીમાળીનો ફોન +૯૧-૬૩૫૧૮૯૬૬૪૩/૯૧૭૩૫૨૮૭૨૭, હેલ્પલાઈન ઈ-મેઈલ આઈડી Support@auctiontiger.net પર સંપર્ક કરવો.

મોબાઈલ નં.: ૭૨૦૮૯૩૪૪૬૧
તારીખ:૨૪-૦૪-૨૦૨૪

સહી/- અધિકૃત અધિકારી
વતી નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)


# અદાણી ટોટલ ગેસ માટે ગુજરાત સર્વોચ્ચ પ્રાથમિકતા ધરાવતું રાજ્ય

અદાણી ટોટલ ગેસ (ATGL) ગુજરાતમાં તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ વિસ્તારવાની યોજના ધરાવે છે. તે અમદાવાદ, ખેડા, સુરેન્દ્રનગર, બરવાળા, વડોદરા, નવસારી અને પોરબંદર જેવા સાત અગ્રણી ભૌગોલિક વિસ્તારોને (GA) આવરી લેતા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન (CGD) લાયસન્સ ધરાવે છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ વિસ્તારવાની યોજના અંતર્ગત કંપની CNG અને PNG જેવા ઈકો-ફ્રેન્ડલી કુદરતી ગેસને ઉદ્યોગો, વ્યાપારી સંસ્થાઓ, રહેણાંક ઘરો તેમજ વાહનોને પહોંચાડવાની નેમ ધરાવે છે.

ATGL ના CEO અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુરેશ પી મંગલાણીએ જણાવ્યું હતું કે "ગુજરાત અમારા માટે ટોચની પ્રાથમિકતા ધરાવતું રાજ્ય છે. ATGL એ અત્યાર સુધી અહીં -650 સ્ટીલ કિલોમીટર પાઈપલાઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવા માટે -2,500 કરોડનું રોકાણ કર્યું છે. જે ૬ લાખથી વધુ ઘરો, -1000 ઔદ્યોગિક ગ્રાહકો અને -4000 કોમર્શિયલ ગ્રાહકોને સેવા આપે છે. આગામી ૩ - ૪ વર્ષોમાં અમે ગુજરાતમાં રૂ. ૧,૦૦૦ કરોડનું રોકાણ કરીને ગ્રાહકોને વિવિધ વિભાગોને સેવા આપતા અમારા વિતરણ માળખામાં વધારો કરીશું".

કંપની પરિવહન માટે ન્દ્રવ્ય પૂરો પાડવાની પણ યોજના ધરાવે છે. ટૂંક સમયમાં દહેજ ખાતે ATGLનું પ્રથમ LNG ડિસ્પેન્સિંગ સ્ટેશન કાર્યરત થશે. જે લાંબા અંતરના પરિવહન સેગમેન્ટને સેવા આપશે. પરિવહન માટે વપરાતા અને "ડર્ટી" ઈંધણ ગણાતા ડીઝલને LNG વિસ્થાપિત કરશે.

કુદરતી ગેસ એ કાર્યક્ષમ અને પ્રમાણમાં સ્વચ્છ ઉર્જા સ્રોત છે. ઊર્જા ઉત્પન્ન કરવા માટે કુદરતી ગેસનો ઉપયોગ કરવાથી તમામ પ્રકારના વાયુ પ્રદૂષકો (ગ્રીનહાઉસ ગેસ સહિત) અને કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન સૌથી ઓછું થાય છે. કોલસો, લાકડા અથવા પેટ્રોલિયમ ઉત્પાદનોનો બાળતણ તરીકે ઉપયોગ કરવાથી પ્રદૂષણ અત્યાધિક ફેલાય છે. આથી ઉદ્યોગો, વ્યાપારી સંસ્થાઓ, વાહનો અને ઘરોમાં કુદરતી ગેસ સ્વચ્છ વાતાવરણ બનાવવામાં શ્રેષ્ઠ યોગદાન આપે છે.

મંગલાણીએ વધુમાં જણાવ્યું હતું કે "ગુજરાતમાં ATGLના ઔદ્યોગિક ગ્રાહકો કુદરતી ગેસનો ઉપયોગ કરી વાર્ષિક ધોરણે અંદાજીત ૮૨,૦૦૦ ટન કોલસાના વપરાશથી પેદા થતો ૧,૮૫,૦૦૦ ટન કાર્બન ઉત્સર્જન ઘટાડે છે. અને લોકોને સ્વચ્છ હવા અને સ્વાસ્થ્ય લાભ મળે છે".

## ઔદ્યોગિક ગ્રાહકો માટે દરોમાં ઘટાડો કરી ફાયદો પહોંચાડ્યો

પર્યાવરણીય સભાનતા અને સરકારની પહેલોને કારણે ઘણા ઉદ્યોગો કુદરતી ગેસ તરફ વળ્યા છે, જ્યારે હજુ કેટલાક ઉદ્યોગોએ કુદરતી ગેસ અપનાવ્યો નથી. જો કે તે નાણાં અથવા જાગૃતિના અભાવને કારણે થતું હોવાનું માનવામાં આવે છે.

ભારત કુદરતી ગેસનો આયાતકાર દેશ હોવાથી તે સ્થાનિક ઉત્પાદનની લગભગ અડધી માંગ પૂરી કરે છે. અને દેશ ન્દ્રવ્યની આયાત ખૂબ નિર્ભર છે. ATGL તેના ઓપ્ટિમાઈઝ્ડ ગેસ પોર્ટફોલિયો સાથે ગ્રાહકોની વિવિધ માંગને સંરેખિત કરે છે. જેમાં ગ્રાહકોને અવિરત ગેસ સપ્લાય સહિત ખર્ચને સંતુલિત કરવા સ્પોટ, ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના કરાર વગેરેનો સમાવેશ થાય છે.

મંગલાણીએ જણાવ્યું હતું કે "રશિયા-યુક્રેન યુદ્ધની શરૂઆતમાં ગેસ પુરવઠામાં વિક્ષેપ થતાં અમારું ધ્યાન સતત પુરવઠો સુનિશ્ચિત કરવા અને ગ્રાહકોને ભાવવધારાના આંચકાથી બચાવવા પર હતું. અમે માર્જિનને જતું કરીને થોડું વોલ્યુમ પણ ગુમાવ્યું કારણ કે ઘણા એકમો પ્રોપેન અને બંકર ઓઈલ જેવા વૈકલ્પિક અને વધુ કાર્બન સઘન ઈંધણમાં ગયા હતા. અમે હવે તેમને ફરી જીતવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, કારણ કે આંતરરાષ્ટ્રીય દરો હળવા થવાને કારણે સ્થાનિક ભાવમાં પણ ઘટાડો થયો છે. ગુજરાતમાં ૯મી એપ્રિલ ૨૦૨૪થી અમલી અમારી કિંમતોમાં લગભગ રૂ. 9/SCMDથી વધુનો ઘટાડો કરીને ગ્રાહકોને આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા ગેસના ભાવમાં થયેલા ઘટાડાનો લાભ પહોંચાડ્યો છે."

કંપની રાજ્યમાં વિકાસના બે મહત્વપૂર્ણ ચાલકો તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે — જેમાં વધુને વધુ MSMEs (મધ્યમ અને નાના સાહસો) ને NG અપનાવવા અને LNG ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના કરવાનો સમાવેશ થાય છે. મંગલાણીએ જણાવ્યું હતું કે, "ગુજરાતમાં આ બે માટે મોટી તકો છે કારણ કે રાજ્ય એક ઔદ્યોગિક હબ છે અને જો આપણે ઉદ્યોગો અને પરિવહન ક્ષેત્રને વધુ ઈકો-ફ્રેન્ડલી ઈંધણ અપનાવવા સક્ષમ બનાવીશું, તો તેઓ પણ ચોક્કસપણે તેને અપનાવશે વળી તે માટે અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ તૈયાર કરી રહ્યા છીએ"


**ફોર્મેટ સી-૧**

**(ઉમેદવારો માટે - અખબારો, ટી.વી.માં પ્રસિધ્ધ કરવા માટે)**

**ફોજદારી કેસો અંગેનો એકરાર**

(રીટ પિટિશન (દીવાની) નં. ૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂધ્ધ ભાત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

ઉમેદવારનું નામ અને સરનામું : **નવસાદઆલમ ઈબ્રાહીમભાઈ મલેક**
**૮૧, સિપાઈ વાસ શેલા ગામ, શેલા, તા. સાણંદ**
**જી. અમદાવાદ-૩૮૦૦૫૮**

રાજકીય પક્ષનું નામ : **અપક્ષ**
(અપક્ષ ઉમેદવારે અહીં "અપક્ષ" એવું લખવાનું રહેશે)

ચૂંટણીનું નામ : **લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪**

*મતદાર વિભાગનું નામ : **૦૬-ગાંધીનગર સંસદીય મતદાર વિભાગ**

હું, **નવસાદઆલમ ઈબ્રાહીમભાઈ મલેક** (ઉમેદવારનું નામ), ઉપરોક્ત દર્શાવેલ ચૂંટણી માટેનો ઉમેદવાર, મારા ગુનાહિત પૂર્વ-ઈતિહાસ વિષેની નીચેની વિગતોનો જાહેર જાણકારી માટે એકરાર કરૂં છું.

**(એ) પડતર ફોજદારી કેસ**

| ક્રમ નં. | અદાલતનું નામ | કેસનો નંબર અને તારીખ | કેસની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ(મો) અને ગુના(ઓ)નું સંક્ષિપ્ત વિવરણ |
|---|---|---|---|---|
| ૧ | ૨-ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ & એડી.સીની. સીવીલ જજ, મીરઝાપુર અમદાવાદ | ક્રિ.કેસ.નંબર :- ૧૫૧૪૯/૨૦૨૩ | સમન્સ નીકળેલ છે અને આરોપી માટે પ્રક્રિયા હેઠળ છે | આઈ.પી.સી. ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), આર્મ્સ એક્ટ :- ૨૫(૧/એ), ૨૫(૧/બી)બી, ૨૭, ૨૯, બોમ્બે પોલીસ એક્ટ : ૧૩૫ આઈ.પી.સી., આર્મ્સ એક્ટ તથા બોમ્બે પોલીસ એક્ટ મુજબનો ગુનો |

**(બી) ફોજદારી ગુનાઓ માટે ગુનો સાબિત થયેલ કેસ અંગેની વિગતો**

| ક્રમ નં. | અદાલતનું નામ તથા હુકમ(મો)ની તારીખ(ખો) | ગુનો (ગુનાઓ) અને લાગુ થયેલી સજાનું વિવરણ | આપવામાં આવેલ મહત્તમ સજા |
|---|---|---|---|
| લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |

* ધારાસભ્યો દ્વારા રાજ્યસભાની ચૂંટણી અથવા વિધાન પરિષદની ચૂંટણીના કિસ્સામાં મતદાર વિભાગના નામની જગ્યાએ સંબંધિત ચૂંટણીનો ઉલ્લેખ કરવો.